કેનેડામાં ભારતીય મૂળના વેપારીની ગોળી મારીને હત્યા

ઓટાવા, તા. 29 (પીટીઆઈ) : મીડિયા રિપોર્ટ્સ અને પોલીસ અનુસાર, કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં એક 68 વર્ષીય ભારતીય મૂળના વેપારીની તેમના ઘરની બહાર એક શંકાસ્પદ લક્ષિત ઘટનામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

દર્શન સાહસીનું સોમવારે પ્રાંતના એબોટ્સફોર્ડ શહેરમાં હત્યા કરવામાં આવી હતી.

પોલીસે રિજવ્યૂ ડ્રાઇવ પર ગોળીબારની સૂચના મળતાં કાર્યવાહી કરી હતી, જ્યાં તેમને સાહસી એક વાહનની અંદર ગંભીર રીતે ઘાયલ હાલતમાં મળી આવ્યો હતો. એમ એબોટ્સફોર્ડ પોલીસે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

જોઈએ છે

- **કલાર્ક** ભાઈઓ તથા બહેનો (ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ)
- **પટ્ટાવાળા** (S.S.C. પાસ)
- **ચોકીદાર**

અરજી સાથે તા.૨૨/૧૧/૨૦૨૫ સુધીમાં સવારે ૧૦ થી ૪ દરમ્યાન રૂબરૂ મળો.

શ્રી શ્રમ-દીપ અર્બન કો-ઓ. ક્રેડિટ સો. લિ.
૧૧-૧૨, હરેકૃષ્ણ શોપીંગ કોમ્પ્લેક્ષ, વરાછા રોડ, સુરત-૬.
ફોન નંબર : ૦૨૬૧-૨૫૪૮૬૩૯

શિક્ષકો જોઈએ છે (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)

વિભાગ	વિષય	લાયકાત
પ્રાથમિક	બધા	B.Sc. /B.A., B.Ed., B.Com /M.Com, B.Ed.,
	કલાર્ક	P.T.C., A.T.D., Fine Arts, PGDCA, B.P.Ed. અને
	IT એડમીન	સમકક્ષ.અનુભવી શિક્ષકોને પ્રાધાન્ય આપવામાં આવશે.

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે લખેલ અરજી, જરૂરી પ્રમાણપત્રો અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે દિન-૭ માં સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાક દરમ્યાન નીચેના સ્થળે રૂબરૂ મળવું. અનુભવી બસ ડ્રાઈવર અને કંડક્ટર ની જરૂર છે.

માધવબાગ વિદ્યાભવન
નવો કોસાડ રોડ, અમરોલી, સુરત.
Mo. 99799 14147 - 99133 14147
e-mail : mbvamroli@gmail.com

એલિમેન્ટ સ્માર્ટ સ્કુલ
માફતિધામ સોસાયટી, ઉમરાગામ, ઉમરા-વેલંજા રંગોલી ચોકડી રોડ, સુરત. Mo. 75 75 87 87 31
e-mail : elementssmartschool@gmail.com

NEST
નર્મદા એજ્યુકેશન એન્ડ સાયંટીફીક રિસર્ચ સોસાયટી, ભરુચ - સંચાલિત
નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરુચ – ૩૯૨ ૦૧૧

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી ગાંધીનગરના તા. ૨૩.૦૯.૨૦૨૫ના પત્રથી મળેલ NoC નં. કવટ/ISC-3/વર્ગ-3/NoC/૨૦૭૧૬-૧૮થી નીચે મુજબની વર્ગ-૩ની જગ્યાઓ ભરવા મંજૂરી મળેલી છે તેવી ખાલી જગ્યાઓની ભરતી કરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે. જગ્યાઓની ભરતી સમ્બંધિત જરૂરી વિગતો કોલેજની વેબસાઈટ www.narmadacollege.ac.in પર મૂકેલ છે.

ક્રમ	જગ્યાનું નામ	NoC ક્રમાંક	કુલ જગ્યા	કેટેગરી	લાયકાત
૧	જુ. ક્લાર્ક	કવટ/ISC-3/ વર્ગ-3/NoC/ ૨૦૭૧૬-૧૮, તા. ૨૩.૦૯.૨૦૨૫	૦૧	ST	સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ તથા સરકાર માન્ય કોમ્પ્યુટરનું સર્ટીફિકેટ આવશ્યક છે.
૨	સિ. ક્લાર્ક		૦૧	OPEN	
૩	લેબો.આસિસ્ટન્ટ કેમેસ્ટ્રી		૦૧	ST	કેમેસ્ટ્રી વિષયમાં સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ તથા સરકાર માન્ય કોમ્પ્યુટરનું સર્ટીફિકેટ આવશ્યક છે.
૪	લેબો. આસિસ્ટન્ટ ફીઝીક્સ		૦૧	SEBC	ફીઝીક્સ વિષયમાં સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ તથા સરકાર માન્ય કોમ્પ્યુટરનું સર્ટીફિકેટ આવશ્યક છે.
૫	ઈલેક્ટ્રીશીયન		૦૧	OPEN	સરકાર માન્ય ITI થી ઈલેક્ટ્રીશીયન વાયરમેનની સર્ટીફિકેટ કોર્સ અથવા Diploma in Electrical હોવા જોઈએ.
૬	પ્લાન્ટ ઓપરેટર		૦૧	OPEN	બોટન વિષયમાં સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ તથા સરકાર માન્ય કોમ્પ્યુટરનું સર્ટીફિકેટ આવશ્યક છે.

વય મર્યાદા: ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર ૨૦ વર્ષ થી ઓછા અને ૩૫ વર્ષ થી વધુ ઉમર ન હોવી જોઈએ. અનામત કેટેગરીના ઉમેદવારોની વયમર્યાદામાં છુટછાટ માટે સરકારશ્રીના નિયમોનુસારની વિગતો માટે કોલેજની વેબસાઈટ www.narmadacollege.ac.in પર માહિતી મુકવામાં આવેલ છે.

પગારધોરણ: નિમણૂંક પામેલ ઉમેદવારોને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. ત્યારબાદ સમીક્ષા કર્યા પછી નિયમોનુસાર પગારધોરણ લાગુ પડશે.

નિમણૂંક પામેલ ઉમેદવારોને તા. ૨૩.૦૯.૨૦૨૫ના પત્રથી મળેલ NoC નં. કવટ/ISC-3/વર્ગ-3/NoC/૨૦૭૧૬-૧૮માં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. અધૂરી અને અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ વગરની તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ આપોઆપ રદ્ ગણાશે. ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ માં સ્પીડ પોષ્ટ દ્વારા અરજી મોકલવાની રહેશે. અરજી સાથે પોતાના સરનામાવાળું ૯×૪ નું ખાલી કવર રૂ. ૪૦/- ની ટીકીટ લગાવી અને બિનઅનામત કેટેગરી માટે અરજી કરનાર ઉમેદવારે રૂ. ૫૦૦/- નો "નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ" ના નામનો ડી.ડી. અવશ્ય સામેલ રાખીને નીચેના સરનામે તા. ૧૦.૧૧.૨૦૨૫ પહેલા મોકલી આપવી. ઉમેદવારે કોલેજની વેબસાઈટ www.narmadacollege.ac.in પરથી નિયત નમુનાનું અરજી ફોર્મ ડાઉનલોડ કરી તે ફોર્મમાં જ અરજી કરવાની રહેશે. સરનામું: નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, ભરુચ – ૩૯૨ ૦૧૧

તા. ૨૭.૧૦.૨૦૨૫
સ્થળ: ઝાડેશ્વર, ભરુચ
આચાર્ય

અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી વાવાઝોડું મેલિસા ક્યુબા પર ત્રાટક્યું

આ પહેલાં મેલિસાએ જમૈકામાં ભારે નુકસાન કર્યું હતું

આ વાવાઝોડું ક્યુબાના ગંભીર આર્થિક સંકટને વધુ ખરાબ કરી શકે છે

સેન્ટીઆગો દે ક્યુબા, તા. 29 (એપી): વાવાઝોડું મેલિસા બુધવારે વહેલી સવારે ચિવિરિકો શહેર નજીક પૂર્વી ક્યુબામાં ત્રાટક્યું હતું, તેની કેટેગરી 3 હતી. આ પહેલાં તેણે જમૈકામાં ભારે નુકસાન કર્યું હતું ત્યાંના રેકોર્ડ મુજબ તે સૌથી શક્તિશાળી એટલાન્ટિક વાવાઝોડામાંનું એક હતું, એમ યુએસ નેશનલ હરીકેન સેન્ટરે જણાવ્યું હતું.

ક્યુબામાં લાખો લોકોને આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા. ગ્રાંમા, સેન્ટિઆગો ડી ક્યુબા, ગ્વાન્ટાનામો, હોલ્ગુઇન અને લાસ ટુનાસ પ્રાંતો માટે વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી હતી.

બુધવારે વહેલી સવારે, મેલિસામાં 193 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે સતત પવન ફૂંકાયો હતો અને મિયામીમાં નેશનલ હરિકેન સેન્ટર અનુસાર, 16 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉત્તરપૂર્વ તરફ આગળ વધી રહ્યું હતું.

આ વાવાઝોડું ક્યુબાના ગંભીર આર્થિક સંકટને વધુ ખરાબ કરી શકે છે, આર્થિક સંકટના કારણે પહેલાથી જ લાંબા સમય સુધી વીજળી ગુલ રહે છે, ઈંધણની અછત અને ખાદ્યપદાર્થોની અછત સર્જાઈ છે.

મેલિસા મંગળવારે જમૈકા પર 295 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ત્રાટક્યું હતું. 'દક્ષિણ જમૈકાના ક્લેરેન્ડનના કેટલાક ભાગો અને સેન્ટ એલિઝાબેથના દક્ષિણપશ્ચિમ પેરિશમાં વ્યાપક નુકસાન થયું છે, જે પાણીમાં ડૂબી ગયું છે', એમ જમૈકાના ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ કાઉન્સિલના અધિકારીએ જણાવ્યું હતું.

વાવાઝોડાને કારણે ચાર હોસ્પિટલોને પણ નુકસાન થયું હતું અને એક વીજળી વગરની થઈ ગઈ હતી.

ઈઝરાયલનો ગાઝામાં રાતભર હુમલા પછી ફરી યુદ્ધવિરામ

હમાસ પર યુદ્ધ વિરામ ભંગનો આરોપ મૂકી કરાયેલા હુમલાઓમાં મરણાંક 100થી વધુ થયો

હમાસે ગોળીબારમાં પોતાની સંડોવણી નકારી ઇઝરાયલ પર યુદ્ધ વિરામ ભંગનો આરોપ મૂક્યો

દેર અલ-બલાહ (ગાઝા પટ્ટી), તા. 29 (એપી): ઈઝરાયલની સેનાએ બુધવારે જણાવ્યું હતું કે, ગાઝામાં ફરીથી યુદ્ધવિરામ લાગુ થઈ ગયો છે સ્થાનિક હોસ્પિટલો અનુસાર, પેલેસ્ટિનિયન પ્રદેશમાં ભારે હવાઈ હુમલા થયા હતા, જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા 81 લોકો માર્યા ગયા હતા. આ હુમલાઓ 10 ઓક્ટોબરના રોજ યુદ્ધવિરામ લાગુ થયા પછી- સૌથી ઘાતક - અત્યાર સુધીના સૌથી નબળા યુદ્ધવિરામ માટે સૌથી ગંભીર પડકાર હતા.

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે, તેમણે હમાસ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા બાદ સૈનાને ગાઝા પર શક્તિશાળી હુમલાઓ કરવાનો આદેશ આપ્યો છે. હમાસે જવાબમાં કહ્યું કે તે બીજા બંધકના મૃતદેહને સોંપવામાં વિલંબ કરશે.

હાલમાં એશિયાના પ્રવાસે રહેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાઓનો બચાવ કરતાં કહ્યું હતું કે, ઈઝરાયલ દ્વારા આ હુમલાઓ કરવા ઉચિત હતું. કારણ કે, તેમના અનુસાર ગાઝાના દક્ષિણી શહેર રફાહમાં ગોળીબાર દરમિયાન હમાસ દ્વારા એક ઈઝરાયલી સૈનિકની હત્યા કરવામાં આવી હતી, જે ઘટના બાદ તેમની આ કાર્યવાહી વાજબી હતી.

હમાસે તે ઘાતક ગોળીબારમાં તેમની કોઈ પણ સંડોવણી હોવાનો ઈનકાર કર્યો હતો અને ઈઝરાયલ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો.

ગાઝા શહેરની શિફા હોસ્પિટલના ડિરેક્ટર મોહમ્મદ અબુ સેલમિયાએ જણાવ્યું હતું કે, મૃત્યુઆંક વધુ વધવાની શક્યતા છે. કારણ કે, હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા 45 લોકો - જેમાં 20 બાળકોનો સમાવેશ થાય છે - તેમની હાલત ગંભીર છે.

લદાખ હિંસા : સુપ્રીમે કેન્દ્ર-લદાખ કેન્દ્રશાસિત પ્રદેશ પાસે જવાબ માંગ્યો

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે બુધવારે સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલિ જે અંગ્મોની ક્લાઈમેટ એક્ટિવિસ્ટની અટકાયતને પડકારતી સુધારેલી અરજી રેકોર્ડ પર લીધી હતી અને કેન્દ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ પાસે દસ દિવસમાં જવાબ માંગ્યો છે. જસ્ટિસ અરવિંદ કુમાર અને એન.વી. અંજારિયાની બેન્ચે કેન્દ્ર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાને સુધારેલી અરજીનો જવાબ દાખલ કરવા કહ્યું હતું અને આ મામલાની સુનાવણી 24 નવેમ્બરના રોજ મુલતવી રાખી હતી.

સાટાખત રદ કર્યાની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, હમો નીચે સહી કરનાર **રાજદિપ માવજીભાઈ છત્રાયા** રહે. ૪૦૨, શ્રી નંદ હાઈટસ, અબ્રામા રોડ, મોટા વરાછા, સુરતનાએ સુરત ડિસ્ટ્રીકટ પુણા સબ ડિસ્ટ્રીકટ શહેર સુરતનાં **મોજે પુણા**નાં રે.સ.નં. ૫૮૭, બ્લોક નં. ૬૭૯, વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૯૮૧૪ ચો.મી. છે તે જમીન કે જેને **ટી.પી. સ્કીમ નંબર : ૧૨ (પુણા)** લાગુ પડતા **ફાયનલ પ્લોટ નંબર : ૪૩** ફાળવવામાં આવેલ છે અને જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ : ૬૮૭૦ ચો.મી. થયેલ છે તે બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ **મહાન રેસીડેન્સી** ના નામથી ઓળખાતી ઈમારતનાં **બીલ્ડીંગ નંબર બીનાં ત્રીજા માળ** ઉપર આવેલ **ફલેટો પૈકી ફલેટ નંબર : ૩૦૩** વાળી મીલકત કે જેના રીયલ એસ્ટેટ રેગ્યુલેશન સેન્ટર એકટ ૨૦૧૬ નાં રૂલ્સ મુજબ **કારપેટ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૫૭.૬૭ ચો.મી.** અને બીલ્ટઅપ એરીયાનું **ક્ષેત્રફળ સુમારે ૬૩.૮૩ ચો.મી.** વાળી મિલકત અંગેનો કબજા વગરનો નોટરીય સાટાખત તા.૧૯-૦૩-૨૦૨૫ ના રોજ મહાન રેસીડેન્સીના વહીવટ કર્તા ભાગીદારી દીનેશકુમાર દેવજીભાઈ સવાણી પાસેથી હમોએ કરાવેલ, પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે હમો બાકી રહેતી વેચાણ અવેજની રકમ ચુકવી શકીએ તેમાં હોવાથી હમો સદરહું કબજા વગરનો સાટાખત આ જાહેર નોટીસ આપી રદ કરું છુ અને સદર કબજા વગરનો સાટાખત ઉપરોકત મીલકત માટે કરવામાં આવેલ, તે મિલકતમાં કોઈપણ પ્રકારનાં વ્યવહાર કે વહીવટ કે કોઈપણ પ્રકારનાં લખાણો હમોએ અન્ય કોઈ વ્યકિત, સંસ્થાનો કે અન્ય કોઈને કરી આપેલ નથી અને જો કોઈ વ્યવહાર કરેલ હોય તો તેની સંપુર્ણ જવાબદારી મારી રહેશે જેની હું ખાત્રી અને બાંહેધરી આપુ છુ. આ જાહેર નોટીસ સામે કોઈને વાંધો, વિરોધ હોય તો તેઓ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૫માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત હમોને મળવું,

સહી :

મારી મારફત
રોહીત બી. કોટડીયા
એડવોકેટ & નોટરી

ઓ : ૩૨૧, સીટીલાઈટ શોપીંગ સેન્ટર, મહેશ્વરીભવનની સામે, સીટીલાઈટ રોડ, સુરત. મો.નં. ૯૮૯૮૧ ૧૫૮૮૫

Repco Home Finance
રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ
સુરત શાખા : પ્લોટ નં. ૬૬૮/બી અને ૬૬૮/સી, પહેલો માળ, વામા હાઉસ, રીંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત -૩૯૫૦૦૨.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ - ૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જયારે **ઉધારકર્તા અને સહ ઉધારકર્તા એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, સુરત શાખા** પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ સરફેસી એકટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમા કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ **"જેમ છે ત્યાં છે" અને "જેમ છે જે છે તે મુજબ"** માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે.

ઈ-હરાજીની તારીખ/સમય : ૦૯.૧૨.૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એકસટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૦૮.૧૨.૨૦૨૫ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

ક્રમ નં. ૧ :- ઉધારકર્તા : શ્રી મુકેશભાઈ શાંતિભાઈ ગોહિલ S/o શ્રી શાંતિભાઈ ગોહિલ, સહ-ઉધારકર્તા : શ્રીમતી હર્ષાબેન મુકેશભાઈ શાંતિભાઈ ગોહિલ W/o શ્રી મુકેશભાઈ શાંતિભાઈ ગોહિલ, જામીનદાર : શ્રી વિનોદભાઈ ત્રિભોવનભાઈ ગોહિલ S/o શ્રી ત્રિભોવનભાઈ ગોહિલ, ડીમાન્ડ નોટીસ : ૧૫.૦૨.૨૦૧૯, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૨૦૧૯૮૦૦૦૦૦૨૨૩), રૂા. ૧૦,૬૬,૨૬૬/- અનુક્રમે તા. ૧૫.૦૨.૨૦૧૯ ના રોજ થી ચડતા વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પ્રગેશનની તારીખ : ૦૪.૦૨.૨૦૨૦, હાલની બાકી રકમ રૂા. ૨૫,૩૧,૦૭૧/-, તા. ૨૨.૧૦.૨૦૨૫ સુધીના.

મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનો પ્લોટ નં. ૪૫૬, જેનું આશરે ક્ષેત્રફળ ૪૦.૧૮ સ્કે.મી. (૭/૧૨ મુજબ) અને ૪૦.૬૯ સ્કે.મી. (બુકીંગ પ્લાન મુજબ), શીવ સાગર રેસીડેન્સી - ૨ થી જાણીતું, જમીનનું આશરે ક્ષેત્રફળ ૩૫૨૯૩.૮૦ સ્કે.મી., સંયુકત રેવન્યુ સર્વે નં. ૧૪૪, બ્લોક નં. ૧૩૯, ગામ દસ્તાન, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત. ચતુઃસીમા : પૂર્વે : પ્લોટ નં. ૪૬૯, પશ્ચિમે : સોસાયટીનો રોડ, ઉત્તરે : પ્લોટ નં. ૪૫૭, દક્ષિણે : પ્લોટ નં. ૪૫૫.

અનામત કિંમત 13,15,000 | ઈએમડી (અનામત કિંમતના ૧૦%) ₹ 1,31,500/- | ન્યૂનતમ બીડ વધારાની રકમ ₹ 10,000/-

ક્રમ નં. ૨ :- ઉધારકર્તા : શ્રી ઓમ પ્રકાશ ભાઈલાલ S/o શ્રી ભાઈલાલ શર્મા, સહ-ઉધારકર્તા : શ્રીમતી પિંકી ઓમ પ્રકાશ શર્મા W/o શ્રી ઓમ પ્રકાશ ભાઈલાલ, જામીનદાર : શ્રી સુધીર એ પાન્ડે S/o શ્રી આશારામ પાન્ડે, ડીમાન્ડ નોટીસ : ૨૮.૦૪.૨૦૨૨, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૨૦૧૯૮૦૦૦૧૧૩૮), રૂા. ૧૦,૩૪,૧૦૫/- અનુક્રમે તા. ૨૬.૦૪.૨૦૨૨ ના રોજ થી ચડતા વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પ્રગેશનની તારીખ : ૧૭.૦૩.૨૦૨૩, હાલની બાકી રકમ રૂા. ૧૫,૪૬,૦૪૬/-, તા. ૨૧.૧૦.૨૦૨૫ સુધીના.

મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનો પ્લોટ નં. ૬૩, જેનું આશરે ક્ષેત્રફળ ૪૮ સ્કે. યાર્ડ. એટલે કે ૪૦.૧૫ સ્કે.મી., આરાધના ઓર્ચીડ, જે સ્થિત બીન ખેતીલાયક જમીનનો સંયુકત રેવન્યુ સર્વે નં. ૩૪૪, બ્લોક નં. ૪૦૨ (કેજેપી મુજબનો બ્લોક નં. ૪૪૮/સબ પ્લોટ નં. ૨/૬૩) (રીવાઈઝ સર્વે પછી, ન્યુ બ્લોક નં. ૪૪૮), ગામ - હલધરુ, તાલુકો - કામરેજ, જીલ્લો - સુરત. ચતુઃસીમા : ઉત્તરે : પ્લોટ નં. ૬૪, દક્ષિણે : પ્લોટ નં. ૬૨, પૂર્વે : જોડેની સોસાયટીનો આંતરીક રોડ, પશ્ચિમે : પ્લોટ નં. ૬૬.

અનામત કિંમત ₹ 13,96,000/- | ઈએમડી (અનામત કિંમતના ૧૦%) ₹ 1,39,600/- | ન્યૂનતમ બીડ વધારાની રકમ ₹ 10,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. સી૧ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ, શ્રી પ્રભાકરણ, (મો) : ૭૪૧૮૨૮૧૭૦૮ નો સંપર્ક કરો. મિલકતના નિરીક્ષણ માટે ઈચ્છુક બોલી લગાવનારાઓ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીના તમામ કાર્યકારી દિવસોમાં રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, સુરત શાખાનો સંપર્ક નં. ૦૨૬૧-૨૩૯૫૦૫ અને ૯૯૭૮૯૯૮૩૭૩ નો સંપર્ક કરી શકે છે.

તારીખ : ૨૩.૧૦.૨૦૨૫ અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ

અફઘાન તાલિબાનનો નાશ કરવાની પાકિસ્તાની મંત્રીની ધમકી

ભવિષ્યમાં તેમના દેશમાં કોઈ ત્રાસવાદી હુમલો થશે તો તેઓ અફઘાન તાલિબાનનો 'નાશ' કરી દેશે અને તેમને ગુફાઓમાં પાછા ધકેલી દેશે

ઈસ્લામાબાદ, તા. 29 (પીટીઆઈ): પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે બુધવારે ધમકી આપી હતી કે જો ભવિષ્યમાં તેમના દેશમાં કોઈ ત્રાસવાદી હુમલો થશે તો તેઓ અફઘાન તાલિબાનનો 'નાશ' કરી દેશે અને તેમને ગુફાઓમાં પાછા ધકેલી દેશે, જ્યારે શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા પછી બંને પડોશીઓ વચ્ચેના સંબંધો બહુ જ ખરાબ થયા છે. ઈસ્તંબુલમાં ચાર દિવસીય શાંતિ મંત્રણામાં કોઈ પરિણામ ન આવ્યા બાદ તરત જ આસિફે સોશિયલ મીડિયા પર આ ચેતવણી આપી હતી, બેઠકમાં પાકિસ્તાનની મુખ્ય માગ હતી કે અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કરીને પાકિસ્તાનમાં ત્રાસવાદ ફેલાવતા ત્રાસવાદીઓ સામે તાલિબાને કાર્યવાહી કરવી જોઈએ.

આસિફે કહ્યું કે ભાઈચારો ધરાવતા દેશોની વિનંતી પર, પાકિસ્તાને શાંતિ સ્થાપિત થાય તે માટે વાટાઘાટો શરૂ કરી હતી, પરંતુ 'કેટલાક અફઘાન અધિકારીઓના ઝેરી નિવેદનો સ્પષ્ટપણે તાલિબાન શાસનની કપટી અને વિભાજીત માનસિકતાને પ્રતિબિંબિત કરે છે.'

'હું તેમને ખાતરી આપું છું કે પાકિસ્તાનને તાલિબાન શાસનને સંપૂર્ણપણે ખતમ કરવા અને તેમને છુપાવવા માટે ગુફાઓમાં પાછા ધકેલી દેવા માટે તેના સંપૂર્ણ શસ્ત્રાગારનો એક ભાગ પણ વાપરવાની જરૂર નથી.

જો તેઓ ઈચ્છતા હોય, તો તોરા બોરા ખાતે તેમની પૂંછડીઓ પગ વચ્ચે રાખીને થયેલા તેમના હારના દ્રશ્યોનું પુનરાવર્તન ચોક્કસપણે આ પ્રદેશના લોકો માટે જોવા જેવું હશે' એમ તેમણે એક્સ પર કહ્યું.

દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રએ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેની વાટાઘાટો પડી ભાંગવા અંગે ચિંતા વ્યક્ત કરતા આશા દર્શાવી કે 'લડાઈ ફરી શરૂ નહીં થાય.'

ઈઝરાયલના વિદેશ પ્રધાન આવતા અઠવાડિયે ભારત આવશે

જેરુસલેમ, તા. 29 (પીટીઆઈ): ઈઝરાયલના વિદેશ પ્રધાન ગિડીઓન સા'આર આવતા અઠવાડિયે ભારતની મુલાકાત લેશે અને દેશના ટોચના નેતૃત્વ સાથે મુલાકાત કરશે અને દ્વિપક્ષીય પહેલ અને પ્રાદેશિક વિકાસ પર ચર્ચા કરશે. ઈઝરાયલનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ''સા'આર 4 અને 5 નવેમ્બરના રોજ નવી દિલ્હીની બે દિવસીય મુલાકાત પર રહેશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ભારતીય સમકક્ષ એસ જયશંકર, અન્ય લોકો સાથે મુલાકાત કરશે.'' પ્રદેશમાં ઊથલપાથલ હોવા છતાં છેલ્લાં બે વર્ષમાં ઈઝરાયલથી ભારતની ઘણી હાઈ-પ્રોફાઈલ મુલાકાતો થઈ છે, જેમાં તાજેતરના નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચ, અર્થતંત્ર મંત્રી નીર બરકત, કૃષિ મંત્રી અવી ડિક્ટર અને પર્યટન મંત્રી હૈમ કાત્ઝનો સમાવેશ થાય છે.

વાવાઝોડુ મોન્થા: બંગાળના મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ

કોલકાતા, તા. 29 (પીટીઆઈ) : વાવાઝોડું મોન્થા સમુદ્ર કિનારે પહોંચ્યા બાદ ધીમે ધીમે તેની તીવ્રતા ઓછી થતાં પશ્ચિમ બંગાળના ઘણા જિલ્લાઓમાં શુક્રવાર સુધી ભારે વરસાદની સંભાવના છે. એમ આઈએમડીએ જણાવ્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ જણાવ્યું છે કે, હવામાન પ્રણાલી ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધવા અને ડિપ્રેશનમાં બદલવાને કારણે દક્ષિણ બંગાળના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, બુધવારે દક્ષિણ 24 પરગણા, પૂર્વ અને પશ્ચિમ મેદિનીપુર, ઝારગ્રામના કેટલાક ભાગોમાં અને શુક્રવાર સુધી બીરભૂમ, મુર્શિદાબાદ, પૂર્વ વર્ધમાન અને પુરુલિયા જિલ્લામાં ભારે વરસાદ (7થી 11 સેમી) થવાની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું હતું કે, શુક્રવાર સુધી ઉત્તર બંગાળના દાર્જિલિંગ, કાલિમપોંગ, જલપાઈગુડી, કૂચબિહાર અને અલીપુરદ્વાર જિલ્લાઓમાં ભારેથી ખૂબ જ ભારે વરસાદ (7 થી 20 સેમી) થવાની સંભાવના છે. આઈએમડીની આગાહી મુજબ, ગુરુવાર અને શુક્રવારે માલદા, ઉત્તર અને દક્ષિણ દિનાજપુર સહિત ઉત્તર બંગાળના તમામ જિલ્લાઓમાં ભારે વરસાદ પડી શકે છે.

મત માટે મોદીને નાચવા કહેશો તો તે નાચશે : રાહુલ ગાંધી

મત મેળવવા માટે નરેન્દ્ર મોદી તમામ પ્રકારના નાટક કરવા તૈયાર હોય છે : રાહુલ

મુઝફ્ફરપુર/દરભંગા, તા. 29 (પીટીઆઈ) : કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર બેધડક શાબ્દિક હુમલો કરીને તેમના પર 'મત માટે કંઈ પણ' કરવાનુ કહીને કહ્યું હતું કે તમે તેમને નાચવા કહેશો તો તેઓ મત માટે નાચશે પણ. ઈન્ડિયા બ્લોકના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તેજસ્વી યાદવ સાથે સંયુક્ત રેલીઓને સંબોધતા રાહુલે કહ્યું હતું કે તમે ટીવી પર નાટક જોયું હશે કે મોદી છઠ પૂજા માટે યમુનામાં ડૂબકી લગાવવાના હતા. જ્યારે એ ખુલાસો થયો કે સ્વચ્છ, પાઈપવાળા પાણીથી ખાડો બની ગયો છે કારણ કે નદી ખૂબ ગંદી છે ત્યારે તે ટાળી દેવામાં આવ્યું હતું. નરેન્દ